# દેશનું અપમાન કર્યાનું મને દુઃખ છેઃ અર્જુન રામપાલ



**આ વર્ષે ઘણાં જૂના એક્ટરોએ જોરદાર કમબેક આપ્યું તેમાંના એક ધુરંધર અર્જુન રામપાલે ખુંખાર પરફોર્મન્સથી બધાંને ચોંકાવી દીધા છે. ચાલો તો માણીએ થોડી ગપસપ હેન્ડસમ મુંડા અર્જુન સાથે...**

**» સોશિયલ મીડિયા પર તમારી પોસ્ટ જોઇ એવું લાગે છે કે તમે ઘણાં કલ્ચરને ફોલો કરો છો. તમારું બાળપણ અને બ્રિગિંગ-અપ કેવું હતું?**
મારો જન્મ જબલપુર, મધ્ય પ્રદેશમાં થયો હતો, પણ મારા પિતા અમરજીત પંજાબી હિંદુ છે અને માતા ગ્વેન શીખ અને ડચ મિક્સ છે. મારા ઘરમાં ક્રિસમસ, દિવાળી અને ઈદ ત્રણેય ઉજવાતા! મારી મમ્મી ટીચર હતા, તેથી હું દેવલાલી અને કોડાઈકાનલ સ્કૂલમાં પઢ્યો. પછી દિલ્હીના હિંદુ કોલેજમાં ઈકોનોમિક્સમાં ગ્રેજ્યુએટ થયો. વધારામાં પૂરું મારું ફેમેલી આર્મી બેકગ્રાઉન્ડ પણ ધરાવે છે. એટલે એમ કહું તો મલ્ટી-કલ્ચર એન્વાયમેન્ટથી હું કેળવાયેલો છું!

**» તમે મોડલિંગથી કેવી રીતે શરૂ કર્યું? તેની પાછળ કોઈ મજાની સ્ટોરી છે?**
હા! દિલ્હીમાં એક પાર્ટીમાં ફેશન ડિઝાઈનર રોહિત બલે મને જોયો અને કહ્યું, "તું મોડલ બની જા!" મને લાગ્યું કે તે મજાક કરતો હશે. પણ પછી મેં તેના વિશે વિચાર્યું અને મ્યુઝિક વીડિયો કર્યા - 'બેકરાર', 'કિન્ના સોના'... મારા લુક્સ પર બધા કમેન્ટ કરતાં કે, "અર્જુન તું કેટલો હેન્ડસમ છે!" આ થોડું કન્ફ્યુઝ કરતું હતું. મેં વિચાર્યું, "લુક્સ તો મમ્મી-પપ્પાનો આભાર છે, મારે તો કામ કરવું છે!", ત્યારબાદ જેમ તક આવી તેમ લેતો ગયો અને મોડલિંગ કરતાં કરતાં સુપરમોડલ બની ગયો.

**» તમારી પહેલી ફિલ્મ 'પ્યાર ઇશ્ક ઔર મોહબ્બત'માં કેવો અનુભવ હતો? લોકો કહે છે તમે સ્ટિફ હતા?**
સાચું કહું? મેં 'મોક્ષ'માં પહેલું શૂટિંગ કર્યું અને મારા પોતાના પર્ફોર્મન્સ જોઈને મને પોતાના પર નફરત આવી ગઈ હતી! "આટલો સ્ટિફ? મોડલ તો થયો પણ એક્ટિંગ તો નથી આવડતી!" પછી મેં ધીમે ધીમે પ્રેક્ટિસ ચાલુ કરી. ડેબ્યુ ફિલ્મમાં નોમિનેશન તો મળ્યું, પણ શરૂઆતમાં ઘણી ફિલ્મો ફ્લોપ થઈ. પણ હું ક્યારેય હાર્યો નહીં.

**» આખરે તમારી મહેનત રંગ લાવી અને 'રોક ઓન'માં તમને નેશનલ અવોર્ડ મળ્યો. તે વખતે કેવું લાગ્યું?**
ઓહ, તે મારા જીવનનો ટર્નિંગ પોઈન્ટ હતો! તે ફિલ્મમાં મેં ગિટારિસ્ટનો રોલ કર્યો. ફિલ્મ પહેલાં લોકો કહેતા "અર્જુન તો લુક્સવાળો છે. એક્ટિંગ એના કામની નથી". પણ નેશનલ અવોર્ડ અને ફિલ્મફેરમાં નામ બોલાયાં પછી બધાં વિચારો બદલાઈ ગયાં. લોકોની જેમ મને પણ પોતાના પર શક હતો પણ આઈ ગેવ માઈ બેસ્ટ. એવોર્ડ મળ્યો તે દિવસે મને લાગ્યું કે હવે લોકો મારી એક્ટિંગ જોવા આવશે!

**શોશા**

**» તમે 'ડેડી' ફિલ્મ પ્રોડ્યુસ પણ કરી. એક્ટિંગમાંથી પ્રોડક્શનમાં આવવાનું કેવું રહ્યું?**
બહુ ચેલેન્જિંગ! એ ફિલ્મમાં મેં અરુણ ગૌલીનો રોલ કર્યો અને સ્ક્રિપ્ટ પણ કો-રાઈટ કરી. ગેંગસ્ટરથી પોલિટિશિયન બનતો માણસ - આ ખરેખર ડીપ રોલ હતો. શૂટિંગમાં ઘણી રાતો જાગ્યો. પણ થેન્ક ગોડ! લોકોને ગમી, અને મને લાગ્યું કે હું હવે સ્ટોરીટેલર પણ બની ગયો છું.

**» તમારા પર્સનલ લાઇફની વાત કરીએ તો તમે મેહર સાથે ૨૦ વર્ષ સાથે હતા, હવે ગેબ્રિયલા સાથે છો. કેવી રીતે મેનેજ કરો છો?**
મારું માનવું છે કે જીવનમાં ચેન્જ આવે તો તેને સ્વીકારવું જોઈએ. મેહર સાથે બે સુંદર દીકરીઓ છે - મહિકા અને માયરા. અમે ૨૦૧૮માં અલગ થયા પણ દીકરીઓ માટે હજુ પણ સારા મિત્ર છીએ. ગેબ્રિયલા સાથે બે સુંદર દીકરા છે, બંને ઘણાં મસ્તીખોર છે. અમે ગોવામાં રહીએ છીએ - બીચ, નેચર, પાર્ટીઝ અને ફેમિલી ટાઇમ. ગેબી સાથેનું રિલેશન ખૂબ ઓપન અને હોનેસ્ટ છે.

**» ૫૦ વર્ષ પછી પણ આટલા યંગ કેવી રીતે રહો છો? કોઈ સિક્રેટ ફિટનેસ ટિપ્સ?**
સિક્રેટ તો નથી પણ ટિપ્સ જરૂર છે. ૧) રોજ વર્કઆઉટ - વેઈટ ટ્રેનિંગ અને યોગ. ૨) ખોરાક - લીલા પાંદડા, પ્રોટીન, પણ ક્યારેક ચીટ-ડે લઈને પીઝા પણ ખાઉં! ૩) મન શાંત રાખો - મેડિટેશન ખૂબ જરૂરી છે. ૪) સ્માઈલ કરો! હું કહું છું - ઉંમર બસ એક નંબર જ છે, એનર્જી તમારી છે!

**» તમારી નવી ફિલ્મ 'ધુરંધર'માં મેજર ઇકબાલનો રોલ ખૂબ વિવાદમાં આવ્યો પણ લોકોને ગમ્યો. કેવું લાગે છે?**
બહુ ઈમ્પોર્ટન્ટ ફિલ્મ છે! મારો રોલ બ્રુટલ ISI મેજરનો છે. કેટલાક સીનમાં મને પણ ખરાબ લાગ્યું, પણ તે જ રોલની સુંદરતા છે. આ ફિલ્મ માટે લોકોમાં ઘણાં વીવાદો ઊભા થયા, પણ ધુરંધર સફળ રહી. બીજો પાર્ટ 'રિવેન્જ' પણ આવી ગયો છે. આ ફિલ્મની સક્સેસથી હું શીખ્યો કે સ્ટોરી સાચી હોય તો વિવાદ પણ ચાલે!

**» બોલિવુડમાં ન્યૂ કમર્સ અને યુવાનોને શું સલાહ આપશો?**
સ્ક્રિપ્ટ સારી હોય તો જ કરો. લુક્સ પર નહીં, કામ પર ફોકસ કરો. લોકો વાત કરે તો કરવા દો, તમે કામ પર ધ્યાન આપો. બાકી મજા કરો! હું હજુ પણ ગોવામાં પાર્ટી કરું છું અને ડીજે પણ થોડું ચલાવું છું.

**» ધુરંધરના સૌથી ચર્ચિત સીન કયો હતો?**
ધુરંધરના સૌથી ચર્ચિત સીનમાંનો એક લાલ પડદાનો દ્રશ્ય હતો. હમઝા તરીકે રણવીર સિંહે પોતાને એકસાથે રાખ્યા હતા, જ્યારે અક્ષય ખન્ના અને અર્જુન રામપાલના પાત્રોએ 2008માં મુંબઈમાં થયેલા 26/11ના આતંકવાદી હુમલાની ઉજવણી કરી હતી. તાજેતરમાં હેલો! હોલ ઓફ ફેમ એવોર્ડ્સમાં આઉટસ્ટેન્ડિંગ પર્ફોર્મન્સ ઓફ ધ યર એવોર્ડથી સન્માનિત થયેલા અર્જુને હુમલા દરમિયાન વાસ્તવિકતામાં શું કરી રહ્યું હતું તે જાહેર કર્યું. અર્જુને શેર કર્યું, "26 નવેમ્બર, 2008 ના રોજ, હું આ હોટેલ (ફોર સીઝન્સ, વર્લી) માં હતો. હું મારા મિત્રોને લેવા આવ્યો હતો, અને અમે તાજ જઈ રહ્યા હતા કારણ કે અમે મારો જન્મદિવસ ઉજવવા ત્યાં જઈ રહ્યા હતા. 26/11 પણ મારો જન્મદિવસ છે. અર્જુનને યાદ આવ્યું, "મારા જન્મદિવસે, મેં 26/11ના હુમલાની ભયાનકતા જોઈ. સવારે, જ્યારે હું ઘરે પાછો ફર્યો, ત્યારે મારે ઓછામાં ઓછા ત્રણ વખત રોકવું પડ્યું કારણ કે મને લાગ્યું કે હું બીમાર થઈ જઈશ. જ્યારે આદિત્ય ધરે મને 26/11નો સીન સંભળાવ્યો, ત્યારે મને ખબર હતી કે હું મારો બદલો લેવાનો છું, અને મેં ધુરંધર સાથે એવું જ કર્યું. ફિલ્મમાં ભારતનું ખૂબ અપમાન કરવા બદલ મને ખરેખર દુઃખ છે, પણ હું હૃદયથી દેશભક્ત છું. હું ફક્ત ભારત માતા કી જય કહેવા માંગુ છું. ●

**"અર્જુન તો લુક્સવાળો છે. એક્ટિંગ એના કામની નથી". પણ નેશનલ અવોર્ડ અને ફિલ્મફેરમાં નામ બોલાયાં પછી બધાં વિચારો બદલાઇ ગયાં**

RAPID FIRE

# નોરાએ ડાન્સમાં કોની સાથે કોલેબ કરવું છે?



**થો**ડા સમય પહેલા વાયરલ થઈને હટાવી દીધેલું 'સરકે ચુનર' ગીતમાં સંજય દત્ત સાથે કોન્ટ્રોવર્સીમાં ફસાયેલી નોરા ફતેહીની ચર્ચા દરેક સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ પર ચાલતી હતી. નોરાને સખત રીતે ટ્રોલ કરવામાં આવી રહી હતી પરંતુ તેણે મક્કમતાથી અવાજ ઉઠાવ્યો. ચાલો તો જાણીએ ડાન્સના પ્લેટફોર્મને ફતેહ કરનારી નોરાને ગમતી વાતો...

● **હાઈ હીલ્સ કે સ્નીકર્સ?**
હાઈ હીલ્સ. પણ ડાન્સ પ્રેક્ટિસમાં સ્નીકર્સ જોઈએ

● **શાહરુખ ખાન કે સલમાન ખાન - કોની સ્માઇલ ગમે ?**
સલમાન ભાઈનું

● **દિલબર કે ઓ સાકી સાકી - કયું સોંગ વધારે ફેવરિટ ?**
દિલબર - મારી પહેલી લવ સ્ટોરી

● **શાવર્મા કે સુશી?**
શાવર્મા! 100%.

● **મોર્નિંગ પર્સન કે નાઈટ આઉલ?**
સમય વચ્ચેની! સવારે જીમ અને ડાન્સ, રાતે પાર્ટી અને મસ્તી.

● **બીચ કે માઉન્ટેન?**
બીચ!

● **તમારું ફેવરિટ ફૂડ?**
ચીઝ નાન! મુંબઈ આવ્યા પછી ચીઝ નાન જ ખાવ.

● **ડાન્સમાં કોની સાથે કોલેબ કરવું છે?**
રિમો ડિસોઝા અથવા માધુરી દીક્ષિત સાથે

● **એક વાત જે તમે બદલવા માંગો છો?**
બુલીંગ! ઘણી વાર લોકો મને અલગ હોવા માટે બુલી કરતા.

● **તમારો સુપરપાવર શું હશે?**
ડાન્સથી કોઈને પણ હિપ્નોટાઈઝ કરી નાખવું!

● **કેટ્સ કે ડોગ્સ?**
ડોગ્સ

● **દોસ્તાના-2માં કોની સાથે પેરિંગ કરવી છે?**
જહોન સાથે
●

# સંબંધોની સુગંધ ફેલાવતી ફિલ્મ




**ઢોલીવુડ**

**લા**લો ફિલ્મથી ગુજરાતી ફિલ્મ જગત જાણે ચમકવા લાગ્યું છે. ગુજરાતી સિનેમા તેના કન્ટેન્ટમાં નવા પ્રયોગો કરી રહ્યું છે. આ જ શ્રેણીમાં વધુ એક આકર્ષક નામ ઉમેરાયું છે અને તે છે ફિલ્મ 'પારિજાત'. આ ફિલ્મ તેના વિષય અને પ્રસ્તુતિને કારણે સિનેપ્રેમીઓમાં ખાસ્સી ચર્ચામાં છે.

'પારિજાત' ફિલ્મના પ્રોડ્યુસર વૈદેહી દેસાઈ છે જ્યારે તેને ડાયરેક્ટ કરી છે સૂર્યાંશ મહેતાએ.

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હવે માત્ર કોમેડી કે એક્શન પૂરતી સીમિત રહી નથી. 'પરિજાત' જેવી ફિલ્મો સાબિત કરે છે કે જો વાર્તા મજબૂત હોય, તો પ્રેક્ષકો તેને ચોક્કસ આવકારે છે. સૂર્યાંશ મહેતાના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મ એક એવા વિષય પર આધારિત છે જે માનવીય લાગણીઓના ઊંડાણ સુધી પહોંચે છે.

'પારિજાત' ફિલ્મની સ્ટોરી મુખ્યત્વે પ્રેમ અને સંબંધોના ગૂંચવાયેલા તાણાવાણાની આસપાસ ફરે છે. આ એક યુવાન અને યુવતીની વાર્તા છે જેઓ એકબીજાના અતૂટ પ્રેમમાં હોય છે. તેમનો સંબંધ આદર્શ લાગે છે, પરંતુ સ્ટોરીમાં વળાંક ત્યારે આવે છે જ્યારે અચાનક થયેલો વિશ્વાસઘાત તેમના જીવનને વેરવિખેર કરી દે છે.

ફિલ્મમાં 'પારિજાત' પુષ્પની જેમ જ સંબંધોની સુગંધ અને તેની કોમળતાને વણી લેવામાં આવી છે. વાર્તામાં માત્ર રોમાન્સ જ નથી, પણ પારિવારિક મૂલ્યો અને જીવનના સંઘર્ષોનું પણ સચોટ ચિત્રણ કરવામાં આવ્યું છે. જ્યારે જીવનમાં એક મોટો વળાંક આવે છે, ત્યારે પાત્રો કેવી રીતે પોતાની જાતને સંભાળે છે અને શું તેમનો પ્રેમ આ કસોટીમાંથી પાર ઉતરે છે? તે જોવું રસપ્રદ રહેશે.

ફિલ્મમાં મેઈન રોલમાં ફેમસ એક્ટર પરીક્ષિત તામલિયા આ ફિલ્મમાં ખૂબ જ ગંભીર અને ભાવુક પાત્ર ભજવ્યું છે.

હીરોઈન તરીકે હીના વર્દેએ ફિલ્મમાં જીવ રેડ્યો છે. તેમની અને પરીક્ષિતની કેમેસ્ટ્રી ફિલ્મનું જમા પાસું માનવામાં આવે છે.

ગુજરાતી સિનેમાના દિગ્ગજ એક્ટ્રેસ અન્નપૂર્ણા શુક્લ પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં છે,



**ફિલ્મો માટે મોટા બજેટ અને મોટા સ્ટારની જરૂર નથી તે લાલો ફિલ્મે સાબિત કર્યું છે. તેના પછી ગુજરાતી ફિલ્મો સારી અને વધુ સારી બનતી જાય છે**

જે સ્ટોરીને એક ઉચાઇ પર લઇ જાય છે. ગુજારાતી સિનેમા હવે બોલિવૂડ સાથે ટક્કર લેવા તૈયાર છે તેવું કહી શકાય. ગુજરાતી એક્ટરો, ડાયરેક્ટરો, પ્રોડ્યુસરો કે રાઈટરો બધા પોતાનું 100 ટકા આપી રહ્યાં છે. બસ દર્શકોનો સાથ મળતો રહેવો જોઇએ! ●